**સમય સંદેશ**
પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે
**સમય સંદેશ કાર્યાલય**
૩૫૭-ઈ ત્રીજો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧
મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

અધિક જેઠ વદ - ૧૩ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**
જ્યારે તમને લાગે કે બધું તમારી વિરુદ્ધ થઈ રહ્યું છે ત્યારે યાદ રાખો કે વિમાન ને ઉપર જવા માટે પવનની વિરુદ્ધ જવું પડે છે નહી કે પવન સાથે!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૧૯૩ ● તારીખઃ ૧૩.૦૬.૨૦૨૬, શનિવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG
E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

# બંગાળમાં રાજકીય ભૂકંપઃ કોલકાતાની સરકારી ઈમારતમાં ભીષણ આગથી ૪,૦૦૦ ઈવીએમ સ્વાહા

## વિધાનસભા ચૂંટણીમાં વપરાયેલા મશીનો રહસ્યમય રીતે નાશ પામતા કાવતરાની આશંકાઃ ચોથા-પાંચમા માળને નુકસાન કર્યા વિના આગ સીધી આઠમા માળે કેવી રીતે પહોંચી તે અંગે મંત્રીએ ઉઠાવ્યા સવાલોઃ ફોરેન્સિક તપાસ શરૂ

**સમય સંદેશઃ કૉલકાતા**

પશ્ચિમ બંગાળના રાજકારણમાં ફરી એકવાર મોટો ગરમાવો આવી ગયો છે. દક્ષિણ કોલકાતાના હાઈપ્રોફાઈલ અલીપોર વિસ્તારમાં આવેલી એક નવ માળની સરકારી ઈમારતમાં બુધવારે લાગેલી ભીષણ આગમાં તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં ઉપયોગમાં લેવાયેલા અંદાજે ૪,૦૦૦ જેટલા



ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન બળીને ખાખ થઈ ગયા છે. આ ઘટનાને પગલે સમગ્ર વહીવટી તંત્ર અને ચૂંટણી પંચમાં ભારે દોડધામ મચી ગઈ છે. દક્ષિણ ૨૪ પરગણા જિલ્લા પરિષદ કાર્યાલય ધરાવતી આ બિલ્ડિંગમાં લાગેલી આગ માત્ર એક અકસ્માત છે કે પછી ચૂંટણી પરિણામો સાથે છેડછાડ કરવાનું કોઈ મોટું રાજકીય ષડયંત્ર, તે દિશામાં પોલીસે FIR નોંધીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

અગ્નિશામક અને કટોકટી સેવાઓ રાજ્યમંત્રી કૌશિક ચૌધરીએ ઘટનાસ્થળની મુલાકાત લીધા બાદ પત્રકારો સમક્ષ આશ્ચર્યજનક ખુલાસા કર્યા છે, જેનાથી કાવતરાની આશંકા વધુ પ્રબળ બની છે. મંત્રીના જણાવ્યા અનુસાર, આગની શરૂઆત બિલ્ડિંગના બીજા અને

અનુ પાના નં.૨ પર

# ભગવાન શિવની જેમ ઝેર ગળી જઈશ પણ ગઠબંધન તૂટવા નહીં દઉંઃ રાહુલ ગાંધી

**સમય સંદેશઃ નવીદિલ્હી**

પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ નવી દિલ્હીમાં યોજાયેલી 'ભારત ગઠબંધન' ની હાઈપ્રોફાઈલ બેઠકમાં કોંગ્રેસના ફાયરબ્રાન્ડ નેતા રાહુલ ગાંધીએ એક અત્યંત આક્રમક અને ભાવનાત્મક ભાષણ આપીને વિપક્ષી નેતાઓમાં નવો પ્રાણ ફૂંકવાનો પ્રયાસ કર્યો છે.

૨૫ થી વધુ વિપક્ષી પક્ષોની હાજરીમાં લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ સ્પષ્ટ કર્યું કે કોંગ્રેસની ભૂમિકા તમામ પક્ષોને પ્રેમ અને સ્નેહથી એક તાંતણે બાંધવાની છે. શૈવ પરંપરાનો ઉલ્લેખ કરતા તેમણે ભાવુક થઈને કહ્યું કે, ગઠબંધનની એકતા માટે સાથી પક્ષો તરફથી મળતી તમામ ટીકાઓ અને અપમાનના ઝેરને તેઓ ભગવાન શિવ (નીલકંઠ) ની જેમ હસતા મુખે ગળી જવા તૈયાર છે, પરંતુ દેશના બંધારણને બચાવવાની આ લડાઈ આખરી શ્વાસ સુધી ચાલુ રહેશે.

રાહુલ ગાંધીએ ભાજપ અને આરએસએસ પર અત્યાર સુધીનો સૌથી આકરો પ્રહાર કરતા કહ્યું કે, કોંગ્રેસ માત્ર એક રાજકીય પક્ષ નથી પરંતુ એક પ્રતિકાર ચળવળ છે, જે ભારતના તમામ નાગરિકોની સમાનતા માટે લડે છે. તેમણે પક્ષના કાર્યકરોના જુસ્સાને બિરદાવતા સિંહગર્જના કરી કે, ‘‘અમે કોંગ્રેસમાં મરી જઈશું, અમારા માથા કપાવી નાખીશું, પણ ભાજપ કે આરએસએસની વિચારધારા સામે ક્યારેય ઘૂંટણ નહીં ટેકીએ.‘‘

આ બેઠકમાં તેમણે સાથી પક્ષો જેવા કે તૃણમૂલ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને આરજેડીને ચેતવતા કહ્યું કે, જો તમે એવા ભ્રમમાં જીવતા હોવ કે જૂની રાજકીય પદ્ધતિઓથી તમે ચૂંટણી જીતી શકશો, તો તમે વાસ્તવિકતાથી દૂર છો કારણ કે ભાજપે ચૂંટણી પંચ, ન્યાયતંત્ર, અમલદારશાહી અને ગુપ્તચર એજન્સીઓ જેવી તમામ લોકશાહી સંસ્થાઓ પર સંપૂર્ણ કબ્જો જમાવી લીધો છે.

# જામનગરમાં સાયચા ગેંગનું સામ્રાજ્ય ધ્વસ્તઃ તંત્રનું ડિમોલીશન

## એસપી, ડીવાયએસપી ઉપરાંત વહીવટી તંત્રના અધિકારીઓની હાજરીમાં કાર્યવાહીઃ અત્યાર સુધીમાં અંદાજીત ૧૬.૫૦ કરોડની જગ્યામાં ખડકી દેવાયેલા બાંધકામો હટાવાયા

**સમય સંદેશઃ જામનગર**

૭૪ ગુન્હામાં સંડોવાયેલી જામનગરની કુખ્યાત સાયચા ગેંગના ૧૧ શખ્સો સામે ૨૧ મે ના રોજ પોલીસે ગુજસીટોક તળે કાર્યવાહી કર્યા બાદ પ્રથમ સાત આરોપીઓને રિમાન્ડમાં લીધા હતાં અને હાલ ત્રણ આરોપીઓ આઠ દિવસના રિમાન્ડ હેઠળ છે. રિમાન્ડ દરમિયાન પોલીસ દ્વારા મિલકતો સહિતની માહિતી એકત્ર કરાયા બાદ સાયચા ગેંગના સભ્યોએ બેડેશ્વર વિસ્તારમાં સરકારી જમીનમાં ખડકી દિધેલાં ગેરકાયદે બાંધકામોનું આજે તંત્ર દ્વારા લોખંડી બંદોબસ્ત વચ્ચે ડિમોલીશન કરાયું હતું.

એસપી ડો.રવિ મોહન સૈની,



વધુ તસવીરો
પાના નં.૪ ઉપર

ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા સહિતના પોલીસ અધિકારીઓ, કલેકટર કચેરી, મામલતદાર કચેરી સહિતના વહીવટી તંત્રના અધિકારીઓની હાજરીમાં ઓપરેશન ડિમોલીશન કામગીરી હાથ ધરાઇ હતી.

જામનગરમાં ગઈકાલે વહેલી સવારથી બેડેશ્વર વિસ્તારમાં સાયચા ગેંગના ગેરકાયદે દબાણોને જમીનદોસ્ત કરવામાં આવ્યા હતાં. બેડીના પાણાખાણ નજીકના વિસ્તારમાં તંત્ર દ્વારા ચાર જેસીબી સહિતની મશીનરીઓ અને ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા, એલસીબી, એસઓજી અને સિટી બી ડિવિઝન પોલીસ સ્ટાફના વિશાળ કાફલાની હાજરીમાં ડિમોલેશન પ્રક્રિયા આરંભવામાં આવી હતી.

આ વેળાએ એસપી ડો.રવિ મોહન સૈનીએ પણ સ્થળ મુલાકાત લીધી હતી અને મીડિયા સમક્ષ જાહેર કરેલ સત્તાવાર વિગત અનુસાર આજની આ કામગીરી દરમિયાન સાયચા ગેંગના મકાન સહિતના ૯૧૮ સ્કવેર મીટરમાં ખડકાયેલા બાંધકામ દૂર કરી અંદાજીત સવા કરોડની કિંમતની સરકારી જગ્યા ખાલી કરવામાં આવી હતી.

# ૩૧૦ કરોડના સાયબર ફ્રોડનો ગીર સોમનાથમાં પર્દાફાશ, ટોળકીના ૫ આરોપીઓ ઝડપાયા

**સમય સંદેશઃ ગીર સોમનાથ**

સાયબર ઠગાઈના વધતા જતા બનાવો વચ્ચે ગીર સોમનાથ સાયબર ક્રાઇમ પોલીસને મોટી સફળતા મળી છે. ‘‘ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦‘‘ અંતર્ગત પોલીસે એવા ગેંગનો પર્દાફાશ કર્યો છે, જે પોતાના બેંક ખાતા સાયબર ઠગોને ભાડે આપીને કરોડો રૂપિયાની છેતરપિંડીમાં મદદરૂપ બનતા હતા. તપાસમાં અંદાજે ૩૧૦ કરોડ રૂપિયાના સાયબર ફ્રોડના નાણાકીય વ્યવહારો સામે આવ્યા છે. આ સમગ્ર કાર્યવાહી



દરમિયાન પોલીસે પાંચ આરોપીઓની ધરપકડ કરી છે.

જુનાગઢ રેન્જના ડીઆઈજીપી રાજેન્દ્રસિંહ ચુડાસમા અને ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઇમ પોલીસે ‘‘ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦‘‘ અંતર્ગત વિશેષ તપાસ હાથ ધરી હતી. સમન્વય પોર્ટલ અને એનસીસીઆરપી પોર્ટલ પર નોંધાયેલી વિવિધ સાયબર છેતરપિંડીની ફરિયાદોનું વિશ્લેષણ કરતા કેટલાક

અનુ પાના નં.૨ પર

# રાજકોટ-અમદાવાદ ધોરી માર્ગ મોતની ચીચિયારીઓથી ગૂંજી ઉઠ્યો

## ૩ના મોત, ૪ ઈજાગ્રસ્ત, ટેન્કર-ઈકો વચ્ચે અકસ્માત સર્જાયો

**સમય સંદેશઃ અમદાવાદ**

રાજકોટ-અમદાવાદ હાઈવે પર બેટી રામપર ગામ નજીક ગઈકાલે સવારે ગંભીર અકસ્માત સર્જાયો હતો. પ્રાથમિક માહિતી મુજબ, ટેન્કર અને ઈકો કાર વચ્ચે જોરદાર ટક્કર થતાં અકસ્માત થયો હતો. અકસ્માત એટલો ભયંકર હતો કે ઘટનાસ્થળે જ ત્રણ લોકોના કરુણ મોત થયા હોવાનું સામે આવ્યું છે.

અકસ્માતમાં અન્ય ચાર લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર મળે તે માટે એમ્બ્યુલન્સની મદદથી નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ તમામ ઘાયલોની સારવાર ચાલી રહી છે.

અકસ્માતના કારણે હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. ભારે વાહનવ્યવહાર ધરાવતા રાજકોટ-અમદાવાદ હાઈવે પર અકસ્માત બાદ બંને તરફ ટ્રાફિક જામ સર્જાયો

અનુ પાના નં.૨ પર

# મિત્રતા બાજુ પર, લોહીનો બદલો લેવાશે! સમુદ્રમાં ૩ ભારતીયોના મોત પર દિલ્હીએ અમેરિકાને ધમકાવ્યું

## યુએસ નેવીના ઘાતક હુમલા બાદ ભારતનો ગુસ્સો ચરમસીમાએઃ અમેરિકી રાજદ્વારી જેસન મીક્સને મંત્રાલયમાં તેડાવી કડક શબ્દોમાં ચેતવણી આપી

**સમય સંદેશઃ નવીદિલ્હી**

વૈશ્વિક રાજદ્વારી કોરિડોરમાંથી આ ક્ષણના સૌથી આઘાતજનક અને સનસનાટીભર્યા સમાચાર સામે આવી રહ્યા છે, જેણે ભારત અને અમેરિકા વચ્ચેના બે દાયકા જૂના મજબૂત વ્યૂહાત્મક સંબંધો પર મોટો બ્રેક લગાવી દીધો છે. ઓમાનના અખાતમાં પલાઉ-ધ્વજવાળા તેલ ટેન્કર ‘‘સેટબેલો‘‘ પર અમેરિકન નૌકાદળ દ્વારા કરવામાં આવેલા અંધાધૂંધ અને ઘાતક હુમલામાં ત્રણ નિર્દોષ ભારતીય ખલાસીઓના દુઃખદ મૃત્યુ થયા છે.

આ લોહિયાળ ઘટનાને પગલે ભારતનો આક્રોશ સાતમા આસમાને પહોંચ્યો છે. વિદેશ મંત્રાલયે કડક વલણ અપનાવતા નવી દિલ્હી સ્થિત યુએસ ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ જેસન મીક્સને

અનુ પાના નં.૨ પર

# કોલકાતામાં મમતા બેનર્જી વિરુદ્ધ ઉશ્કેરણી જનક ભાષણ મામલે એફઆઈઆર દાખલ

**સમય સંદેશઃ કૉલકાતા**

પશ્ચિમ બંગાળના મુખ્ય રાજકારણમાં ફરી એકવાર ગરમાવો આવ્યો છે. TMCના વડા અને પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જી સામે કોલકાતાના હેર સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં FIR નોંધવામાં આવી છે. તેમના પર ધાર્મિક લાગણીઓ ભડકાવવાનો અને સામાજિક અશાંતિ ફેલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. માહિતી અનુસાર, ૯ માર્ચ ૨૦૨૬ના રોજ કોલકાતાના એસ્પ્લેનેડ વિસ્તારમાં આવેલા ધર્મ મંચ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં મમતા બેનર્જીએ ભાષણ આપ્યું હતું. ફરિયાદી તુષાર કાંતિ દાસે આરોપ લગાવ્યો છે કે આ ભાષણ ઉશ્કેરણીજનક હતું અને તેનાથી લોકોમાં ભય, અસંતોષ તેમજ સાંપ્રદાયિક તણાવ ફેલાઈ શકે તેવી શક્યતા હતી. આ ફરિયાદના આધારે ૭ જૂન ૨૦૨૬ના રોજ હેર સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર FIR નોંધવામાં આવી હતી. FIRમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૯૬(૧), ૩૫૧(૨) અને ૩૫૨ હેઠળ ગુનો નોંધાયો છે. આ કલમો ધર્મ, જાતિ અથવા ભાષાના આધારે નફરત ફેલાવવા, ગુનાહિત ધાકધમકી આપવા અને શાંતિ ભંગ થાય તેવા કૃત્યો સાથે સંબંધિત છે.

ફરિયાદમાં એવો પણ આરોપ છે કે મમતા બેનર્જીનાં નિવેદનો લોકશાહી વ્યવસ્થાને અસર પહોંચાડી શકે છે અને સામાજિક સૌહાર્દને નુકસાન પહોંચાડવાની શક્યતા ધરાવે છે. હાલ પોલીસ દ્વારા મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. આ ઘટનાએ પશ્ચિમ બંગાળના રાજકારણમાં નવી ચર્ચા જગાવી છે.

## જામનગરમાં હાઈટેન્શન વીજ લાઈનના વિરોધમાં ખેડૂતોની મહાસભા

# ‘૧૫ જૂન એક જ ધૂન’ઃ ગાંધીનગરમાં ૧૧૧૧ ટ્રેક્ટરો સાથે ઐતિહાસિક કૂચની જાહેરાત





## પાલ આંબલિયાએ કહ્યું-ખેડૂતો પર અત્યાચાર થાય છે, મહિલાઓને ઢસડવામાં આવે છે

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના મોટી બાણુંગર ગામે ખેતીની જમીનમાંથી પસાર થતી ખાનગી કંપનીની હાઈટેન્શન વીજ લાઈન અને થાંભલા નાખવાના વિરોધમાં ખેડૂતોએ એક વિશાળ મહાસભા યોજી હતી. આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો ટ્રેક્ટરો સાથે આ સભામાં ઉમટી પડ્યા હતા, જેને પગલે સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસ પ્રશાસન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે એલર્ટ પર આવી ગયું હતું.

આ મહાસભામાં ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી, કિસાન કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ પાલ આંબલીયા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનોજ કથીરિયા અને લાલજી દેસાઈ સહિતના અગ્રણી નેતાઓએ હાજર રહીને સરકારની નીતિઓ પર આકરા પ્રહારો કર્યા હતા અને ખેડૂતો પર થતા દમનની તપાસ કરવા ઉગ્રતાને રજૂઆત કરી હોવાનું જણાવ્યું હતું.

ખેડૂત આગેવાન પાલ આંબલીયાએ ખેડૂતોના ગળે હાથ મૂકીને તેમનો અવાજ દબાવવાના સરકારી પ્રયાસો સામે આક્રોશ વ્યક્ત કરતા આગામી રણનીતિ સ્પષ્ટ કરી હતી. તેમણે જાહેરાત કરી હતી કે, ખાનગી કંપનીઓના ફાયદા માટે ખેડૂતોની જમીનો બગાડવાના વિરોધમાં આગામી ૧૫ જૂનના રોજ સવારે ૧૦ વાગ્યે હજારો ખેડૂતો અમદાવાદની શાંતિપુરા ચોકડી ખાતે એકઠા થશે.

ત્યાંથી ૧૧૧૧ ટ્રેક્ટરો સાથે ગુજરાતના ઇતિહાસમાં ક્યારેય ન થઈ હોય તેવી વિશાળ અને શાંતિપૂર્ણ ‘ટ્રેક્ટર રેલી’ સ્વરૂપે ગાંધીનગર તરફ કૂચ કરવામાં આવશે. મોરબીના ટંકારાના જબલપુર ગામે યોજાયેલી બેઠકમાં પણ ખેડૂતોએ પૂરતું વળતર ન મળે ત્યાં સુધી કંપનીના માણસોને ખેતરમાં ન ઘૂસવા દેવાની અને રસ્તા રોકો આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.


## તંત્રી સ્થાનેથી..

### પ્રજનન ક્ષમતામાં પરિવર્તન !

ભારતમાં જન્મ સમયે લિંગ ગુણોત્તરમાં સતત અને ચિંતાજનક વિકૃતિને કારણે આ ગોઠવણ જરૂરી છે. સ્ત્રી ભ્રૂણહત્યાએ જન્મ સમયે છોકરીઓ અને છોકરાઓના ગુણોત્તરને વિકૃત કર્યું છે. ૨૦૨૪ના રિપોર્ટ મુજબ, ભારતમાં એસઆરબી દર ૧૦૦૦ પુરુષોએ ૯૧૮ સ્ત્રીઓ છે, જે ૨૦૧૮ અને ૨૦૨૦ વચ્ચે ૯૦૭ થી થોડો સુધારો છે, પરંતુ હજુ પણ આશરે ૯૫૨ સ્ત્રીઓના કુદરતી ગુણોત્તર કરતાં ઘણો ઓછો છે. આપણા દેશમાં ઓછી છોકરીઓ જન્મી રહી હોવાથી, વસ્તી રિપ્લેસમેન્ટ જાળવવા માટે પ્રતિ સ્ત્રી વધુ જન્મની જરૂર પડે છે. ૧.૮૮ પર, ભારતનો કુલ પ્રજનન દર હવે તેના પોતાના રિપ્લેસમેન્ટ (પ્રારંભિક બિંદુ) કરતા ૦.૨૭ બાળકો નીચે છે, અને આ અંતર દર વર્ષે વધી રહ્યું છે. ઘટાડાના ચાર દાયકાઃ જયારે આ દર છેલ્લા ચાર દાયકામાં ધીમે ધીમે ઘટ્યો છે, આ કોઈ અપવાદ નથી. ભારતનો પ્રજનન દર નોંધપાત્ર રીતે સુસંગત ગતિએ ઘટી રહ્યો છે. ૧૯૮૫માં, રાષ્ટ્રીય કુલ પ્રજનન દર ૪.૩ હતો. ત્યારથી, તે દર વર્ષે આશરે ૦.૦૬ ના દરે ઘટ્યો છે, અચાનક કોઈ પ્રવેગ કે ઉલટાનો નથી. આ વલણ ઉદારીકરણ, મોબાઈલ ક્રાંતિ અને ઈન્ટરનેટ મીડિયાના ઉદય પહેલાનું છે. આ સાતત્ય પોતે જ નોંધપાત્ર છે. જે લોકો ભારતમાં પ્રજનનક્ષમતામાં ઘટાડા માટે મુખ્યત્વે સ્માર્ટફોન અથવા ઈન્ટરનેટને જવાબદાર માને છે તેમને ડેટામાં બહુ ઓછો ટેકો મળશે. આ ઘટાડો છેલ્લા ચાર દાયકાથી ધીમે ધીમે થયો છે. આ ટેકનોલોજીના વ્યાપક પ્રવેશ પહેલાં તે શરૂ થયો અને સ્થિર રહ્યો. જયારે ડિજિટલાઈઝેશનથી હાલના વલણોને મજબૂત બનાવવામાં આવ્યા હોય શકે છે, તેમ છતાં તે વસ્તી ઘટાડાને ઉત્તેજિત કરે છે એમ કહી શકાય નહીં. વધુ મહત્વની વાત એ છે કે, આ ઘટાડાનું કોઈ સંકેત નથી. જો આ ગતિએ ઘટાડો ચાલુ રહેશે, તો ૨૦૩૧ સુધીમાં ભારતનો કુલ પ્રજનન દર ૧.૫૭ ની આસપાસ પહોંચવાનો અંદાજ છે, જે હાલમાં યુએસ સ્તર જેટલો જ છે. તે સમયે, રિપ્લેસમેન્ટની તુલનામાં પ્રજનનક્ષમતા તફાવત નોંધપાત્ર રીતે વધશે, અને વસ્તી વિષયક ગતિ – હજુ પણ મોટી વસ્તી અને વધતી આયુષ્ય દ્વારા પ્રદાન કરાયેલ બફર – હવે અંતર્ગત સંકોચનને ઢાંકવા માટે પૂરતો રહેશે નહીં. કદાચ એસઆરએસ ૨૦૨૪ ડેટામાંથી લેવામાં આવતો સૌથી મહત્વપૂર્ણ વિશ્લેષણાત્મક મુદ્દો સૌથી સરળ છેઃ ભારત પણ તેનો અપવાદ નથી. ભારતમાં પ્રજનનક્ષમતામાં જે પરિવર્તન આવી રહ્યું છે.



## હાલારના હાલહવાલ



# દ્વારકામાં વડાપ્રધાન મોદીના ૧૨ વર્ષના કાર્યકાળની ભવ્ય ઉજવણી

## સાંસદ પૂનમબેન માડમ અને મંત્રી રિવાબા જાડેજા રહ્યા ઉપસ્થિત



**સમય સંદેશઃ દ્વારકા**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનકાળના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થતા દ્વારકા ખાતે ખાસ ઉજવણી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે પવિત્ર યાત્રાધામ દ્વારકામાં વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જામનગરના સાંસદ પૂનમબેન માડમે જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદીએ અત્યાર સુધીમાં ૪૩૯૯ દિવસ પ્રધાનમંત્રી કાર્યાલયમાં નિષ્ઠાપૂર્વક વિતાવ્યા છે, જે તેમના રાષ્ટ્ર પ્રત્યેના સમર્પણનું પ્રતીક છે.

આ ઉજવણીના ભાગરૂપે દ્વારકાના ગોમતી ઘાટ ખાતે ભવ્ય મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તો અને સ્થાનિક લોકો જોડાયા હતા. આ ઉપરાંત, સ્વચ્છતાના સંદેશને ફેલાવવા માટે દ્વારકાધીશ મંદિર પરિસરમાં એક વિશેષ સફાઈ અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું હતું, જેના દ્વારા મંદિર વિસ્તારને સ્વચ્છ અને સુંદર બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમોમાં સાંસદ પૂનમબેન માડમની સાથે ગુજરાત સરકારના રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી રિવાબા જાડેજા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન તમામ ઉપસ્થિત મહાનુભાવો અને શ્રદ્ધાળુઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે ભગવાન દ્વારકાધીશના ચરણોમાં વિશેષ પ્રાર્થના કરી હતી.

# મીઠાપુરના વકીલ ગોમતી સ્નાન કરી બહાર આવતા દયરોગનો હુમલો આવતાં મૃત્યુ

## અકાળે અવસાનથી વકીલ મંડળમાં પણ શોકનું મોજુ ફરી વળ્યુ

**સમય સંદેશઃ મીઠાપુર**



દ્વારકા પંથકના મીઠાપુરના વકીલનું દયરોગના હુમલાથી અકાળે મૃત્યુ નિપજતા પરિવાર આઘાતમા સરી પડ્યો છે. તેમજ અત્રેના વકીલ મંડળમાં પણ ગમગીની છવાઈ ગઈ છે. દ્વારકા તાલુકાના મીઠાપુરના એડવોકેટ જયેન્દ્રભાઇ ચોકસીનું ૫૪ વર્ષે દયરોગના હુમલાથી મૃત્યુ નિપજતા પરિવાર અને વકીલ મંડળમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે. તેઓ ગઈકાલે દ્વારકાના ગોમતીઘાટે સ્નાન કરીને બેઠા હતા દરમિયાન એકાએક ગભરામણ અને છાતીમાં દુઃખાવાની ફરિયાદ થતા હોસ્પિટલ ખાતે ખસેડવામાં જવામાં આવેલ પરંતુ કમનસીબે સારવાર કારગત નહીં નિવડતા મૃત્યુ નિપજ્યું હતું.

# ખંભાળીયાના કંચનપુર ગામની ધર્મિષ્ઠા ઘાવડાએ GPCBની પરીક્ષામાં મેળવી ઉત્કૃષ્ટ સિધ્ધિ

**સમય સંદેશઃ ખંભાળિયા**



ખંભાળિયા તાલુકાના કંચનપુર ગામના ઘાવડા પરિવાર માટે ગૌરવની ક્ષણ સર્જાઈ છે. આ ગામની દીકરી ધર્મિષ્ઠાબેન પ્રકાશભાઈ ઘાવડાએ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB) વિભાગની સ્પર્ધાત્મક પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી ઉત્કૃષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ધર્મિષ્ઠાબેનની આ સફળતા તેમના પરિવાર, ગામ તેમજ સમગ્ર વિસ્તારનું ગૌરવ વધાર્યું છે. તેમની અથાગ મહેનત, લગન અને નિષ્ઠાના પરિણામે પ્રાપ્ત થયેલી આ સિદ્ધિ અન્ય યુવાનો માટે પણ પ્રેરણારૂપ સાબિત થશે.

આ પ્રસંગે કંચનપુર ગામના આગેવાનો, સગા-સંબંધીઓ, મિત્રો તેમજ સમસ્ત ઘાવડા પરિવારે ધર્મિષ્ઠાબેનને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી છે. ધર્મિષ્ઠાબેન ઘાવડાની આ સફળતા માત્ર તેમના પરિવાર માટે જ નહીં, પરંતુ સમગ્ર કંચનપુર ગામ માટે ગૌરવરૂપ છે.

# જામનગરના ગાગવા ગામે બે પક્ષે મારામારીઃ સામસામી ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તાલુકાના ગાગવા ગામમાં ગૌચરની જમીનમાં ચાલી રહેલા ખોદકામના મુદ્દે બે પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારી સર્જાતા બંને પક્ષોએ એકબીજા સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. સિક્કા પોલીસે સામસામે ગુના નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પહેલી ફરિયાદ મુજબ જામનગર જિલ્લાના ગાગવા ગામના પ્રભાતસિંહ લખુભા જાડેજાએ આરોપી અજીતસિંહ અને અજાણ્યા ૩ શખ્સો સામે ફરિયાદ નોંધાવી જણાવ્યું કે, ગૌચરની જમીનમાં ચાલી રહેલા ખોદકામનો વિરોધ કરવા જતાં આરોપી અજીતસિંહ અને અન્ય ત્રણ શખ્સો થાર લઈ હુમલો કર્યો હતો. આરોપીઓએ કહ્યું કે આ ખોદકામ અમારું ચાલે છે તારે કંઈ બોલવાનું નથી બાદમાં લાકડાના ધોકા, લોખંડના પાઇપ તેમજ ઢીકા-પાટુ વડે માર મારતા ફરિયાદીને છાતી, પાસળી અને કરોડરજ્જુના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હોવાનું નોંધાયું છે.

બીજી તરફ મુંગણી ગામના ભરતસિંહ દોલુભા જાડેજાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેઓ ટ્રકમાં માટી ખાલી કરવા માટે જઈ રહ્યા હતા ત્યારે ગાગવા ગામ નજીક પ્રભાતસિંહ લખુભા જાડેજાએ ટ્રક રોકાવી ગાળો આપી હુમલો કર્યો હતો. આરોપીએ લોખંડના પાઇપ વડે માથાના ભાગે માર મારી ગંભીર ઇજા પહોંચાડી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. જે બંને પક્ષોની ફરિયાદોના આધારે સિક્કા પોલીસે સામસામે ગુના નોંધી સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં ખોદકામ અને માટીના પરિવહનને લઈને થયેલા વિવાદે મારામારીનું સ્વરૂપ ધારણ કર્યું હોવાનું સામે આવ્યું છે. પોલીસે બંને પક્ષોના નિવેદનો તેમજ અન્ય પુરાવાઓના આધારે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સલાયામાં મહોરમની તૈયારીની વિધિવત શરૂઆતઃ નાકો ચડાવવામાં આવ્યો

**સમય સંદેશઃ સલાયા**



સલાયામાં મોહરમની જોરશોરથી તૈયારીઓ ચાલુ કરી દેવામાં આવી છે. સલાયામાં મોહરમ ખુબજ સુંદર રીતે મનાવવામાં આવે છે. અહીં આસપાસના ગામોથી લોકો મોહરમ દરમ્યાન દર્શને આવે છે. ગઈકાલે મોહરમની તૈયારી વિધિવત રીતે શરૂ જેમાં સલાયા સુન્ની મુસ્લીમ ભાડેલા જમાતના તાજીયા જયાં રાખવામાં આવે છે ત્યાં પ્રથમ તૈયારીના ભાગરૂપે નાકો ચઢાવવામાં આવ્યો હતો. ઢોલ શરણાઈ સાથે આ વિધિ કરી હતી. આ નાકો ચઢાવવાના પવિત્ર અવસરે મુસ્લીમ બીરાદરો દ્વારા મીઠાઈ વહેંચવામાં આવે છે. આ સમગ્ર તૈયારીઓ સલાયા મુસ્લિમ ભાડેલા જમાતના પ્રમુખ ગફારભાઈ કેરના માર્ગદર્શન હેઠળ ચાલે છે.

# ખંભાળીયાઃ ભરણપોષણનાં કેસમાં સજાથી બચવા નાસતો-ફરતો આરોપી પકડાયો



**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના વાડીનાર ગામે રહેતા હુશેન તાલબ ભાયા નામના ૩૫ વર્ષના શખ્સ સામે અહીંની ફેમિલી કોર્ટ દ્વારા કરવામાં આવેલા ભરણપોષણના આદેશ બાદ ભરણપોષણ ચૂકવવામાં નિષ્ફળ જતા અદાલતે આરોપીને ૧૮૦ દિવસની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો. જેને અનુલક્ષીને વાડીનાર મરીન પોલીસ મથકના પી.આઈ. ટી.સી. પટેલ તેમજ તેમની ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં ધરપકડથી બચવા માટે છેલ્લા ઘણા સમયથી નાસતા ફરતા આરોપી એવા હુસેન તાલબ ભાયાને વાડીનાર ગામ ખાતેથી ઝડપી લઇ, આગળની કાર્યવાહી કરી હતી.


**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

**સરકારી સોગંદનામા, ભાડા કરાર, વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન, કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.**

**નોટરીને લગતાં કામ માટે મળો**

**અભિજીત જયંતકુમાર દવે**

**મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯**


## અનુસંધાન

### મૂંગા પશુઓ માટે ૧૫૦૦

(પાના નં. ૪ થી આગળ)

આ તૈયાર થયેલા લાડુઓનું જામનગર શહેર ઉપરાંત આસપાસના ૫ થી ૬ ગ્રામ્ય વિસ્તારોમાં પરિભ્રમણ કરીને ગાયો, શ્વાનો સહિતના અન્ય મૂંગા જીવોને આદરપૂર્વક ખવડાવવામાં આવશે. વર્તમાન સમયમાં સેવા અને જીવદયાનું આ અનોખું ઉદાહરણ સમગ્ર સમાજને માનવતા, કરુણા અને અદભુત પ્રાણીપ્રેમનો એક સુંદર અને પ્રેરણાદાયી સંદેશ પૂરો પાડે છે.

### ડાઈમીણસાર

(પાના નં. ૩ થી આગળ)

કુતિયાણાના બે અને રાણાવાવ તાલુકાના ૯ અને પોરબંદર તાલુકાના એક ગામના લોકોને નદીના પટમાં નહીં જવા તંત્રએ ચેતવણી આપી છે.

ડાઈમીણસાર ડેમના ગેઈટ ખોલીને ૧૦૬ એમસીએફટી જથ્થાનું પાણી છોડવાના કારણે સતાપર તથા પોરબંદર જિલ્લાના કુતિયાણાના બાલોચ, દેવડા ગામો તથા રાણાવાવ તાલુકાના ક કંડોરણા, ખીરસરા, રાણાખજીદડ, મહિરા, ગેરાણા, ભોડદર, વાલોતરા, પાદરડી, જાંબુ તથા પોરબંદરના એરડા એ ગામના લોકોને જળ પ્રવાહના રસ્તામાં એટલે કે, નદીના પટમાં નહીં જવા તેમજ ઢોર-ઢાંખરને પણ ન જવા દેવા જામનગરના સિંચાઈ વિભાગના સબ ફોકલ ઓફીસર (ફ્લડ) અને કાર્યપાલક ઈજનેરની કચેરી દ્વારા ચેતવણી આપવામાં આવી છે.

### ૬૫ ટકા કામગીરી

(પાના નં. ૩ થી આગળ)

ડાયવર્ટ કરીને રંગમતી નદીમાં ભેળવી દેવાની ગંદી કામગીરી છેલ્લા ૩ વર્ષથી ચાલુ છે. જે આ વર્ષે પણ થશે.શહેરમાં નવનાલાથી વિભાપર ગામ સુધી પાણીનો નિકાસ માર્ગ ગાંડી વેલ હટાવીને ખુલ્લો કરાયો છે.

આ ઉપરાંત મ્યુ. સોલીડ વેસ્ટ વિભાગ દ્વારા ચોમાસા સુધીમાં ૫૦ સ્થળોએ પ્રિમોન્સુન કામગીરી કરવાના પ્લાનિંગ મુજબ દરેડ ખોડીયાર મંદિરથી પવન ચક્કી સુધી રંમમતી નદીની કેનાલ, લાલપુર રોડથી પટેલપાર્ક, નંદનવન પાર્કથી મહાવીર પાર્ક, દિ.પ્લોટ-૪૯થી રામનગર ઢાળીયા, ગોકુલનગરથી એરફોર્સ-૨ સુધી, મયુર પાર્ક, હરિયા કોલેજથી સાંઢીયાપુલ પછીના વિસ્તાર સુધી, વોર્ડ નંબર-૬ના મુંબઈ દવાબજાર, ચેમ્બર કોલોની, રવી બજાર, ઈન્દીરા સોસાયટી વગેરે વિસ્તારમાં, એરફોર્સ-૧ ગેઈટથી સેનાનગર-વાયુનગરથી ઢીંચડા ગામ સુધી, નાગનાથ ગેઈટથી સ્મશાન, ધુંવાવ નાકાથી આશાપુરા મંદિર, બચુનગરથી સુભાષબ્રીજથી રવિવારી બજાર સુધીની કેનાલ, વોર્ડ-૧૨માં સનસીટીથી રંગમતી લ સોસાયટી, સિલ્વર પાર્કથી ઘાંચીની ખડકી, ખોડીયાર કોલોની રોડ પરના મહેર સમાજની વાડીથી વોર્ડ નંબર-૬ના સોનલનગરથી છેક કેવડી નદી, બેડેશ્વર તરફના માર્ગને ખુલ્લો કરવામાં આવશે.

### ફાયર એનઓસી

(પાના નં. ૩ થી આગળ)

આપવામાં આવી હતી. સંચાલકોની રજૂઆત અને બાંહેધરીને ધ્યાનમાં રાખી મહાનગરપાલિકાના તંત્રએ મોડી સાંજે રેસ્ટોરન્ટનું સીલ ખોલી આપ્યું હતું. મહાનગરપાલિકાની આ કાર્યવાહી બાદ શહેરમાં નિયમોનું પાલન કર્યા વગર ધંધો ચલાવતા અન્ય વેપારીઓ અને સંચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. તંત્ર દ્વારા આગામી દિવસોમાં પણ આવી ચકાસણી અને કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

### ગાંડી વેલથી ઢંકાઈ

(પાના નં. ૩ થી આગળ)

વધ્યો છે. સાંજ પડતાં જ મચ્છરના ઝુંડ જોવા મળતા હોવાથી સ્થાનિક રહેવાસીઓને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ગાંડી વેલના કારણે નદીના પાણીનો પ્રવાહ પણ પ્રભાવિત થઈ રહ્યો છે. સ્વચ્છતા અને આરોગ્યને લગતી આ ગંભીર સમસ્યાના નિરાકરણ માટે નાગરિકો દ્વારા તંત્ર સમક્ષ તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી રહી છે.

### જીવનલીલા સંકેલી લીધી

(પાના નં. ૩ થી આગળ)

રહેલાં ડોક્ટરે યુવાનને તપાસી તેનું મોત નિપજ્યાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે કલ્પેશભાઇ ભાસ્કરભાઇ કક્કડે પોલીસને જાણ કરતાં સિટી બી ડિવિઝન પોલીસ મથકના એએસઆઇ પી.કે.ગઢકા સહિતનો પલીસ સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી યુવાને ક્યા કારણોસર આ પગલું ભરી લીધું છે? તે જાણવા તપાસ હાથ ધરી છે.

### ૪,૦૦૦ ઈવીએમ સ્વાહા

(પાના નં. ૧ થી આગળ)

ત્રીજા માળેથી થઈ હતી, પરંતુ તે વચ્ચેના ચોથા, પાંચમા કે છઠ્ઠા માળને અડ્યા વગર સીધી સાતમા અને આઠમા માળે કેવી રીતે પહોંચી ગઈ? આ રહસ્યમય પેટર્ન દર્શાવે છે કે આ કોઈ સામાન્ય શોર્ટ સર્કિટની ઘટના નથી. જે માળ પર EVM સ્ટોર કરવામાં આવ્યા હતા, બરાબર ત્યાં જ આગનું આટલું પ્રચંડ સ્વરૂપ જોવા મળવું એ તંત્રની સુરક્ષા વ્યવસ્થા સામે પણ અનેક ગંભીર સવાલો ઉભા કરે છે.

આ ભયાનક કાંડ સામે આવ્યા બાદ પશ્ચિમ બંગાળના રાજકારણમાં આરોપ-પ્રત્યારોપનો દૌર શરૂ થઈ ગયો છે. કેન્દ્રીય મંત્રી સુકાંત મજુમદાર અને ભાજપના નેતા રાકેશ સિંહે ખુલ્લેઆમ આક્ષેપ કર્યો છે કે આ ચૂંટણીના પુરાવાઓ નાશ કરવાનું એક સુઆયોજિત કૃત્ય (તોડફોડ) હોઈ શકે છે.

### સાયબર ફ્રોડનો

(પાના નં. ૧ થી આગળ)

શંકાસ્પદ બેંક ખાતાઓ સામે આવ્યા હતા. પોલીસ તપાસમાં ખુલાસો થયો કે કેટલાક લોકો પોતાના બેંક ખાતાઓ સાયબર ઠગોને ઉપયોગ માટે આપતા હતા. આ ખાતાઓ મારફતે દેશના વિવિધ રાજ્યોમાં થયેલી ઓનલાઇન છેતરપિંડીની રકમ ટ્રાન્સફર કરવામાં આવતી હતી. ખાતાધારકો તેના બદલામાં કમિશન મેળવતા હોવાનું પણ સામે આવ્યું છે.

### મોતની ચીચિયારીઓ

(પાના નં. ૧ થી આગળ)

હતો. વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ઘટનાની જાણ થતા જ કુવાડવા પોલીસ અને એરપોર્ટ પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસ દ્વારા અકસ્માતગ્રસ્ત વાહનોને રસ્તા પરથી હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી જેથી ટ્રાફિક વ્યવસ્થા ફરી સામાન્ય બની શકે. સાથે જ પોલીસે ઘટનાસ્થળે પહોંચી સમગ્ર પરિસ્થિતિનું નિરીક્ષણ કરીને અકસ્માત અંગેની વધુ તપાસ શરૂ કરી હતી.

પ્રાથમિક તપાસમાં અકસ્માતનું ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી. જોકે ટેન્કર અને ઇકો કાર વચ્ચે થયેલી જોરદાર ટક્કર અકસ્માતનું મુખ્ય કારણ હોવાનું માનવામાં આવી રહ્યું છે. પોલીસ દ્વારા બંને વાહનોની સ્થિતિ તેમજ અન્ય ટેક્નિકલ પાસાઓની પણ તપાસ કરવામાં આવી રહી છે.

અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ અને તેઓ ક્યાંના રહેવાસી હતા તે અંગેની માહિતી મેળવવાની કાર્યવાહી પણ ચાલી રહી છે. બીજી તરફ ઘાયલોના પરિવારજનોને ઘટનાની જાણ કરવામાં આવી છે અને હોસ્પિટલ ખાતે તેમના સ્વજનો પહોંચી રહ્યા છે. આ ગંભીર અકસ્માતને કારણે સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ જોવા મળ્યો હતો.

સ્થાનિક લોકોએ પણ માર્ગ સલામતી અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને હાઈવે પર વાહનચાલકોને વધુ સાવચેતી રાખવાની અપીલ કરી હતી. પોલીસ દ્વારા અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે અને આગામી દિવસોમાં અકસ્માતનું ચોક્કસ કારણ સામે આવે તેવી શક્યતા છે.

### મિત્રતા બાજુ પર

(પાના નં. ૧ થી આગળ)

તાત્કાલિક સમન્સ પાઠવીને કડક શબ્દોમાં ઠપકો આપ્યો છે. ત્રણ દિવસમાં આ બીજી વખત છે જ્યારે ભારતે અમેરિકાની આ બેલગામ લશ્કરી ક્રૂરતા સામે આકરો વિરોધ નોંધાવ્યો છે.

આ આંતરરાષ્ટ્રીય વિવાદ વધુ ગંભીર એટલા માટે બન્યો છે કારણ કે આગામી G-7 સમિટમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે એક મહત્વપૂર્ણ બેઠક યોજાવાની છે, તે પૂર્વે જ આ રાજદ્વારી યુદ્ધ ફાટી નીકળ્યું છે. અમેરિકી સેનાની દાદાગીરી અહીં જ ન અટકી, આ લોહિયાળ હુમલાના બરાબર ૨૪ કલાકની અંદર ૨૦ ભારતીય ક્રૂ સભ્યો ધરાવતા અન્ય એક વાણિજ્યિક જહાજને પણ નિશાન બનાવવામાં આવ્યું હતું, જો કે સદનસીબે આ બીજા હુમલામાં કોઈ જાનહાનિ થઈ નથી. ભારતના ઈતિહાસમાં આ એક અત્યંત દુર્લભ પ્રસંગ છે જ્યારે નવી દિલ્હીએ સુપરપાવર અમેરિકાના રાજદ્વારીને આ રીતે કચેરીએ બોલાવીને આંતરરાષ્ટ્રીય સ્તરે તેની લિમિટ યાદ અપાવી હોય.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળ દરમિયાન અમેરિકી ટેરિફ નીતિઓ અને ચીન-પાકિસ્તાન તરફ વોશિંગ્ટનનો વધી રહેલો ઝુકાવ પહેલેથી જ બંને દેશો વચ્ચે ખટરાસ ઉભી કરી રહ્યો હતો, ત્યારે આ ઘટનાએ બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે.

# NEET રિ-એક્ઝામ માટે NTAની નવી ગાઈડલાઈનઃ પરીક્ષાના સમયમાં ૧૫ મિનિટનો વધારો કરવામાં આવ્યો

**સમય સંદેશઃ નવીદિલ્હી**

નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા મેડિકલ પ્રવેશ પરીક્ષા NEET રિ-એક્ઝામ પ્રક્રિયાને વધુ સુવ્યવસ્થિત અને વિદ્યાર્થીમૈત્રી બનાવવા માટે નવી ગાઈડલાઈન જાહેર કરાઈ છે. આ નવી માર્ગદર્શિકા અંતર્ગત ઉમેદવારોને પ્રશ્નપત્ર વાંચવા અને જવાબો લખવા માટે અગાઉની સરખામણીએ પરીક્ષાના સમયમાં ૧૫ મિનિટનો વધારો કરી આપવામાં આવ્યો છે. સમય વધારવાની સાથે સાથે પરીક્ષા કેન્દ્રો પર વ્યવસ્થા જાળવવા માટે સમયપત્રકમાં પણ જરૂરી ફેરફાર કરાયા છે, જેથી વિદ્યાર્થીઓને પરીક્ષા દરમિયાન કોઈ મુશ્કેલી ન પડે. સમય સિવાયનો બીજો મહત્વપૂર્ણ ફેરફાર પ્રશ્નપત્રમાં રફ વર્ક કરવાની જગ્યાને લઈને કરવામાં આવ્યો છે. ખાસ કરીને ફિઝિક્સ અને કેમિસ્ટ્રી જેવા ગણતરી આધારિત વિષયોમાં વિદ્યાર્થીઓની ફરિયાદોને ધ્યાનમાં રાખીને ગઝઅએ રફ વર્ક માટે વધારે જગ્યા ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય કર્યો છે. દેશની આ સૌથી મહત્વપૂર્ણ મેડિકલ પ્રવેશ પરીક્ષામાં બેસનારા લાખો ઉમેદવારોને કોઈપણ ગેરસમજથી બચવા માટે આ તમામ નવી ગાઈડલાઈન અને બદલાયેલા નિયમોને ધ્યાનપૂર્વક વાંચીને જ તૈયારી કરવાની સલાહ આપવામાં આવી છે.

# પૂર્વ મુખ્યમંત્રી સ્વ.રૂપાણીને જૈન સમાજ દ્વારા માનવ સેવાના કાર્ય સાથે શ્રદ્ધાંજલિ અર્પણ









તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી - જીવદયા પ્રેમ સ્વ. વિજયભાઇ રૂપાણી તથા વિમાન દુર્ઘટનામાં દુઃખદ અવસાન પામેલા અન્ય તમામ દિવંગત આત્માઓની પ્રથમ પુણ્યતિથિ નિમિતે પવિત્ર સ્મૃતિને વંદન સ્વરૂપે તથા માનવ સેવાના ઉમદવા ભાવ સાથે જામનગર ખાતે આજરોજ શ્રદ્ધાંજલી અર્પણ કરવા અનેકવિધ કાર્યક્રમો શ્રી દશા શ્રીમાળી વણિક મંડળ (કામદાર વાડી) જામનગર દ્વારા શ્રી આણદાબાવા અનાથાલય ખાતે બાળકોને સવારનો નાસ્તો કરવામાં આવેલ હતો. દેવાબાગ જૈન સંઘ, જામનગર દ્વારા પાંજરાપોળમાં રહેલ અબોલ જીવોને લાડવા તેમજ ઘાસ વિતરણ કરવામાં આવ્યું હતું. શાંતિનાથ આરાધક મંડળ દ્વારા લાલ બંગલો પોપટ ધારસી દેરાસર પાસે છાસ વિતરણ કરવામાં આવ્યું હતું. જયારે ચાપા બેરાજા મિત્ર મંડળ તેમજ જૈન અગ્રણી આર. કે. શાહ દ્વારા ચાપા બેરાજા પાંજરાપોળમાં ઘાસ વિતરણ કરવામાં આવ્યું હતું. ચાપા બેરાજા મિત્ર મંડળ તેમજ જૈન અગ્રણી આર. કે. શાહ દ્વારા લાખાબાવળ પાંજરાપોળમાં ઘાસ વિતરણ કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય સંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી પારસધામ દ્વારા ૪૫૦ થી વધુ બાળકો માટે ડેન્ટલ ફ્રી ચેકઅપ તેમજ ટ્રીટમેન્ટ સાથે સ્ટેશનરી, ટુથબ્રશ તેમજ ટુથપેસ્ટનું વિનામુલ્યે વિતરણ સાથે અર્રમ આહાર કરાયો હતો. સતવારા સમાજની વાડી, ધુંવાવ શ્રી હાલાર વિશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ દ્વારા શ્રી ઓમ ટ્રેનીંગ સેન્ટર માં રહેલ મનો દિવ્યાંગ બાળકોને મિષ્ટાન સહિતનું ભોજન કરાવેલ હતું. શ્રી દશા શ્રીમાળી વણિક મંડળ પ્રમુખ પ્રકાશભાઈ દોશી, મંત્રી સંજયભાઈ ટોલીયા, કારોબારી સભ્ય રાજુભાઈ કામદાર પુનિતભાઈ શેઠ, નિશાંતભાઈ પારેખ જૈન એમ્પોલોઇ ફેડરેશન સેક્રેટરી અજયભાઈ શેઠ, પ્રેમ શેઠ, દેવ બાગ જૈન સંઘના ટ્રસ્ટી ભરતભાઈ પટેલ, નિલેશભાઈ શાહ, શ્રેયાંશભાઈ શાહ, ધીરેનભાઈ ઝવેરી,આકાશભાઈ શાહ, શ્રી હાલારી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સંઘના પ્રમુખ રાજુભાઈ શાહ, વિજયભાઈ સંઘવી, જૈન અગ્રણી નિલેશભાઈ ઉદાણી, ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ કિરીટભાઈ મહેતા, પૂર્વ કોર્પોરેટર જતીનભાઈ મહેતા, પાંજરાપોળના ટ્રસ્ટી હિતેશભાઈ મહેતા, કામદાર વાડીના ટ્રસ્ટી જીગ્નેશભાઈ શાહ, ભરતભાઇ વસા પ્રમુખ વિશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ, સામળસા ઉદાણી, નિશાંત પારેખ, જસ્મીન કામદાર, દિનેશ શાહ, સંજીવ શેઠ, પૂર્વ સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેન નિલેષ કગથરા સહિતના જૈન આગેવાનોએ વિજયભાઇ રૂપાણીની પુણ્યિતિથિ નિમિત્તે સેવાકીય કાર્ય કરીને શ્રધ્ધાંજલિ અપર્ણ કરી હતી.

## ‘પ્રગતિપથ ચાત્રા’માં ITRAની મુલાકાત લીધી

# ખૂબ ખિલ્યા રિવાબાઃ જામનગરમાં વિદ્યાર્થીઓ સાથે સ્ફૂર્તિથી બેડમિન્ટન રમી સહજતાનો પરિચય આપ્યો



તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

રાજ્ય સરકારની ’પ્રગતિપથ યાત્રા’ અંતર્ગત ગુજરાતના શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ જામનગર સ્થિત વિશ્વપ્રસિદ્ધ ITRA (ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઇન આયુર્વેદ) ની સત્તાવાર મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન મંત્રીએ માત્ર શૈક્ષણિક વ્યવસ્થાઓનું નિરીક્ષણ જ નહોતું કર્યું, પરંતુ કેમ્પસમાં તાજેતરમાં તૈયાર કરાયેલા આધુનિક બેડમિન્ટન કોર્ટમાં વિદ્યાર્થીઓ સાથે જાતે રેકેટ હાથમાં પકડીને મેચ રમી હતી. આંતરરાષ્ટ્રીય ક્રિકેટર રવીન્દ્રસિંહ જાડેજાના ધર્મપત્ની હોવા છતાં પ્રોટોકોલથી પર જઈને તેમની આ સહજતા અને સરળ શૈલી જોઈને સંસ્થાનો સ્ટાફ અને વિદ્યાર્થીઓ ગદગદિત થયા હતા.

મુલાકાત દરમિયાન ITRAના ડાયરેક્ટર તનુજા નેશ્રી દ્વારા મંત્રીને સંસ્થાની ચિકિત્સા પદ્ધતિઓ, સમૃદ્ધ પુસ્તકાલય અને મ્યુઝિયમની વિગતો રજૂ કરાઈ હતી. મંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના યોગદાનને દર્શાવતી વિશેષ ઝાંખી પણ નિહાળી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, આયુર્વેદના પ્રણેતા ઝંડુ ભટ્ટજીની આ ભૂમિને પ્રધાનમંત્રીએ ITRA અને GCTM (Global Centre for Traditional Medicine) જેવી વૈશ્વિક ભેટ આપીને વિશ્વભરમાં અનોખી ઓળખ અપાવી છે, જે સમગ્ર જામનગર માટે ગૌરવની બાબત છે. મંત્રીશ્રીની આ રમતગમત પ્રવૃત્તિ પાછળ વડાપ્રધાનના ‘ફિટ ઇન્ડિયા’, ‘ખેલો ઇન્ડિયા’ અને રાજ્ય સરકારના ‘રમશે ગુજરાત, જીતશે ગુજરાત’ જેવા અભિયાનોને વેગ આપવાનો મુખ્ય આશય હતો. ડિજિટલ યુગમાં ઘેરાયેલા યુવાનોને મેદાન પર આવી શારીરિક તંદુરસ્તી જાળવવા પ્રેરણા આપતા તેમણે સંદેશ આપ્યો હતો કે, તંદુરસ્ત સ્વાસ્થ્ય એ જ સશક્ત રાષ્ટ્રનો સાચો પાયો છે. નોંધનીય છે કે, ચાર મહિના પહેલા જામનગરના ઐતિહાસિક અજીતસિંહ ક્રિકેટ પવેલિયન ગ્રાઉન્ડ ખાતે પણ તેમણે ’બહાદુર કોઠારી કપ’ ક્રિકેટ ટુર્નામેન્ટમાં જાતે બેટિંગ કરીને મેચની શરૂઆત કરાવી હતી.

# મનપાના પાપે વાલકેશ્વરીમાં બૉલેરોના ટાયર ખાડામાં ખૂપી ગયાં

## મ્યુનિસિપલ કમિશનર બંગલા નજીકની જ કોલોનીઓમાં ’ગોકળગાય’ ગતિએ ચાલતું કામઃ ચોમાસા પૂર્વે ‘સાચુકલી’ પ્રિ-મૉન્સુન કામગીરી થાય તો ગંગા ન્હાયા!



તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં ચોમાસું નજીક હોવા છતાં અનેક મુખ્ય માર્ગો ખોદીને અધૂરા મૂકી દેવાતા વાહનચાલકો અને સ્થાનિક રહીશો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. તાજેતરમાં જ વાલકેશ્વરી નગરીમાં લાંબા સમય પછી માર્ગ ખોદ્યા બાદ કામ પર ધ્યાન ન અપાતા, ગતિશીલ ટ્રાફિક વચ્ચે એક બોલેરો ગાડી અધવચ્ચે જ ખાડામાં ખૂંપી ગઈ હોવાનો બનાવ સામે આવ્યો છે. ઉનાળામાં ધૂળની ડમરીઓથી પરેશાન થતા લોકો માટે હવે આગામી ચોમાસામાં આ ખુલ્લા ખાડાઓ અકસ્માતને આમંત્રણ આપનારા સાબિત થાય તેવી ભીતિ સેવાઈ રહી છે.


આશ્ચર્યની વાત એ છે કે જામનગર મહાનગરપાલિકાના કમિશનરના બંગલાની બિલકુલ નજીક આવેલી પાર્ક કોલોની અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા દસેક દિવસથી આખો રોડ ખોદી નાખીને અત્યંત ધીમી ગતિએ કામ ચલાવવામાં આવી રહ્યું છે. તંત્ર દ્વારા રોડ તો ખોદી નાખવામાં આવ્યો છે, પરંતુ તેમાં પ્રોપર લેવલિંગ કે પુરાણ કરવામાં આવ્યું નથી. આ ઉપરાંત, વડાપ્રધાનના આગમન પૂર્વે કરોડોના ખર્ચે બનેલો સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ વાળો રસ્તો પણ થોડા જ દિવસોમાં તોડી પાડીને ત્યાં પાઇપલાઇન નાખવા માટે ખાડા કરી દેવાયા છે, જે તંત્રના અણઘડ આયોજનની ચાડી ખાય છે. શહેરના દિગ્વિજય પ્લોટ, રણજીતનગર, સાધના કોલોની સહિતના વિસ્તારોમાં ભૂગર્ભ ગટર, વોટર વર્ક્સ અને લાઇટ શાખા જેવા વિવિધ વિભાગો વચ્ચે સંકલનનો ભારે અભાવ જોવા મળે છે. એક વિભાગ રોડ બનાવે કે તુરંત જ બીજો વિભાગ ખોદકામ શરૂ કરી દે છે, જેના કારણે કરોડો રૂપિયાનો વેડફાટ થાય છે અને પેચવર્કનું કામ પણ સરખું થતું નથી. હવે ચોમાસા આડે માત્ર ૧૫ દિવસ જેટલો જ સમય બાકી રહ્યો હોવાથી, સ્થાનિક નગરસેવકો અને પ્રજાની ઉગ્ર માંગ છે કે તંત્ર જાગે અને નવા રોડ ન બનાવી શકે તો કમસેકમ આ ખાડાઓનું તાત્કાલિક યોગ્ય રિપેરિંગ કરે.

# જામનગરમાં યુવતી પર દુષ્કર્મઃ પરિચય કેળવી લગ્નની લાલચ આપનાર આરોપી જેલ હવાલે

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના સીટી-બી. ડિવિઝન પોલીસ મથકે નોંધાયેલી વિગત અનુસાર, શહેરની તિરૂપતિ સોસાયટી વિસ્તારમાં રહેતા રાજીવસિંહ ઉર્ફે રાઠોડ નામના ૨૫ વર્ષીય યુવાને એક ૨૨ વર્ષીય યુવતી સાથે વર્ષ ૨૦૨૫ દરમિયાન પરિચય કેળવ્યો હતો. પરિચય બાદ બંને વચ્ચે મિત્રતા અને પ્રેમસંબંધ વિકસ્યો હતો, જેનો લાભ ઉઠાવી આરોપીએ યુવતીને લગ્ન કરવાની ખાતરી આપી તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. જોકે, બાદમાં આરોપીએ લગ્ન કરવાની ના પાડી દેતાં યુવતીએ ફરિયાદ નોંધાવી હતી. યુવતીની ફરિયાદના આધારે સીટી બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપીની અટકાયત કરી હતી. મેડિકલ તપાસણી સહિતની જરૂરી કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ આરોપીને જેલ હવાલે કરવામાં આવ્યો છે.

# ડાઈમીણસાર ડેમમાંથી ૧૨ ગામોના ચેક ડેમ ભરવા પાણી છોડાયું




**સમય સંદેશઃ જામજોધપુર**

જામનગર જિલ્લામાં જામજોધપુર તાલુકામાં સતાપર ગામ પાસે આવેલા ડાઈમીણસાર ડેમમાં સૌની યોજનાનું પાણી ભરવામાં આવ્યું છે. જે બાદ ગઈકાલ તા.૧૨ની સવારે ૧૦ વાગ્યે ડેમના ગેઈટ ખોલીને હેઠવાસના ગામોમાં આવેલા ચેકડેમો ભરવા પાણી છોડવામાં આવશે. તેથી જામજોધપુરના સતાપર તથા પોરબંદરના

અનુ પાના નં.૨ પર

# જામનગર મહાનગરપાલિકા દ્વારા વરસાદી પાણીના આવક - જાવકના માર્ગની ૬૫ ટકા કામગીરી પૂર્ણ કરી




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં વરસાદી પાણીના આવકના અને જાવકના માર્ગોની સફાઈની કામગીરી એટલે કે, કોર્પોરેશનની પ્રિ-મોન્સુન સફાઈ કામગીરી એપ્રિલ માસથી ચાલુ છે. જે હજી ૬૫ ટકા જેટલી પુર્ણ થઈ છે. તંત્ર દ્વારા દરેડ ગામથી લાલપુર બાયપાસ સુધીમાં કેનાલની સફાઈ કોઈ કાળે થઈ શકે તેવી સ્થિતિ નથી. કારણકે, દરેડ ગામનું વેસ્ટ વોટર અને જીઆઈડીસીના ઉદ્યોગોનું પાણી ૩૬૫ દિવસ અને ૨૪ કલાક કોર્પોરેશનની રંગમતી નદીનું પાણી જામનગરના રણમલ તળાવમાં લાવતી કેનાલમાં સતતને સતત ઠલાવાયે રાખે છે. આ કેનાલ ગંદકીથી ભરેલી છે. તંત્ર દ્વારા રંગમતી કેનાલ ચાલુ કરીને ચોમાસામાં આ ગંદકીને

અનુ પાના નં.૨ પર

# ગાંડી વેલથી ઢંકાઈ ઢાંઢર નદી, સ્થાનિકોમાં રોગચાળાની ભીતિઃ મચ્છરનો ઉપદ્રવ વધ્યો, સમસ્યાના નિરાકરણની ઉઠી માંગ



**સમય સંદેશઃ લાલપુર**

જામનગર જિલ્લાના લાલપુર શહેરમાં આવેલી ઢાંઢર નદી હાલ ગાંડી વેલથી સંપૂર્ણપણે ઢંકાઈ ગઈ છે. નદીમાં પાણી કરતાં વધુ પ્રમાણમાં લીલીછમ ગાંડી વેલ જોવા મળી રહી છે, જેના કારણે સ્થાનિકોમાં ચિંતા વ્યાપી છે.

ભલારા દાદાના મંદિર નજીકના વિસ્તાર સુધી ગાંડી વેલનું વિસ્તરણ થતાં આસપાસના વિસ્તારોમાં મચ્છરનો ઉપદ્રવ નોંધપાત્ર રીતે

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં યુવાને ગળેફાંસો ખાઇ જીવનલીલા સંકેલી લીધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં આવેલી આનંદ સોસાયટી, ડેન્ટલ હોસ્પિટલથી આગળ રહેતાં નરેશભાઇ ઉર્ફે યોગેશ ભાસ્કરભાઇ કક્કડ (ઉ.વ.૩૮) નામના યુવાને ગઇકાલે સાંજે ૫:૪૦ વાગ્યાના સમયગાળા દરમિયાન પોતાના ઘરે ચુંદડી બાંધી ગળેફાંસો ખાઇ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. પરિવારે તાત્કાલિક ૧૦૮ ને જાણ કરતાં એમ્બ્યુલન્સ સ્થળ પર આવી પહોંચી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સમાં ફરજ પર હાજર

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં ફાયર એનઓસીના મુદ્દે બાહેધરી અપાતા દુકાનનું સીલ ખોલાયું



**સમય સંદેશઃ જામનગર**


જામનગર મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડ અને એસ્ટેટ શાખાની સંયુક્ત ટીમ દ્વારા શહેરની હોટલો, રેસ્ટોરન્ટો અને ફૂડ જંકશનોમાં સુરક્ષા નિયમોના પાલનની ચકાસણી માટે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ફાયર એનઓસી અને બીયુ સર્ટિફિકેટ સહિતના જરૂરી દસ્તાવેજો વગર ચાલતી સંસ્થાઓ સામે તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ ઝુંબેશ અંતર્ગત ગુરુવારે શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા પાંચ જેટલા પીઝા અને ફૂડ જંકશનોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન પટેલ કોલોની વિસ્તારમાં આવેલી પીઝા જંકશન ફૂડ જંકશનમાં નિયમોના ઉલ્લંઘન અને જરૂરી મંજૂરીઓ અંગેની ખામી સામે આવતાં મહાનગરપાલિકાની ટીમે તેને તાત્કાલિક અસરથી સીલ કરી દીધી હતી. અચાનક થયેલી કાર્યવાહીના પગલે સંચાલકોમાં દોડધામ મચી ગઈ હતી. ત્યારબાદ રેસ્ટોરન્ટના માલિકો દ્વારા તમામ નિયમોનું પાલન કરવાની તેમજ જરૂરી પ્રમાણપત્રો અને દસ્તાવેજો રજૂ કરવાની લેખિત બાંહેધરી

અનુ પાના નં.૨ પર

# ગાગા ગામમાં છેલ્લા ૨૦ દિવસથી જોખમરૂપ ટ્રાન્સફોર્મર યથાવત

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકાના ગાગા ગામે કાંકરિયા વાડી વિસ્તારમાં એક ખેડૂતનું ટ્રાન્સફોર્મર છેલ્લા ૨૦ દિવસથી વીજપોલ પર જોખમી રીતે લટકી રહ્યું છે. આ માઈક્રો A.G. ફીડરનો એક ભાગ છે. ખેડૂત કરમુર કરશન ખીમાભાઈના જણાવ્યા અનુસાર, આ જોખમી સ્થિતિને કારણે કોઈ મોટી દુર્ઘટના થવાનો ભય સેવાઈ રહ્યો છે. સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનો દ્વારા PGVCLને આ અંગે અનેક વખત રજૂઆતો કરવામાં



આવી છે. જોકે, આટલા દિવસો વીતી જવા છતાં વીજ કંપની દ્વારા આ સમસ્યાના નિરાકરણ માટે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. PGVCLની આ બેદરકારી સામે સવાલો ઉઠી રહ્યા છે.

# વોર્ડ નં. ૧૦ માં પીવાના પાણીની સમસ્યાથી લોકો હેરાન-પરેશાનઃ વારંવારની રજૂઆત છતાં ઉકેલ ન આવતા નાગરિકોમાં રોષ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના વોર્ડ નં. ૧૦ માં આવેલા ગ્રીન સીટી અને સ્વામિનારાયણ નગરના રહેવાસીઓ છેલ્લા બે-બે વર્ષથી પીવાના પાણીની અનિયમિતતા અને ગંદા પાણીની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. સ્થાનિક લોકો દ્વારા કોર્પોરેશનમાં અનેકવાર લેખિત રજૂઆતો કરવામાં આવી છે. વોટર વર્ક્સ શાખાના અધિકારીઓને ગત જુલાઈ મહિનામાં તેમજ મુખ્યમંત્રી જનસંપર્ક પોર્ટલ પર પણ ૨૦-૪-૨૫ ના રોજ ફરિયાદ કરવામાં આવી હતી, પરંતુ હજુ સુધી કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. વારંવારની રજૂઆતો છતાં સમસ્યા ઠેરની ઠેર રહેતા લત્તાવાસીઓમાં વહીવટી તંત્ર સામે ભારે રોષ ફેલાયો છે. લોકોની માંગ છે કે આ વિસ્તારમાં તાત્કાલિક ટેકનિકલ તપાસ કરાવી પાઇપલાઇન, દબાણો અને વિતરણ વ્યવસ્થાની ખામીઓ દૂર કરવામાં આવે અને નિયમિત શુદ્ધ પાણીનો પુરવઠો સુનિશ્ચિત કરાય.

# બેડેશ્વરમાં બૂલડોઝરઃ સાયચા બંધુઓની ૧.૧૭ કરોડની ૧૩ ગેરકાયદેસર મિલકતો ધરાશયી














તસવીરઃ હિરેન ગાંધી

જામનગરના બેડેશ્વર વિસ્તારમાં વહીવટી તંત્ર દ્વારા ગઈકાલે ગેરકાયદેસર દબાણો પર કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી, જેમાં કુખ્યાત સાયચા બંધુઓ સહિતનાઓની અંદાજે ૧.૧૭ કરોડની કિંમતની ૧૩ જેટલી ગેરકાયદેસર મિલકતો પર તંત્રનું બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. આ અતિ સંવેદનશીલ ડિમોલિશનની કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ઘટનાસ્થળે પોલીસનો ચુસ્ત અને ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો, અને વહીવટી અધિકારીઓની સીધી દેખરેખ હેઠળ તમામ ગેરકાયદે બાંધકામો જમીનદોસ્ત કરીને સરકારી જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી.

## જામનગરના ગાડુકા ગામે ૪.૩૩ કિલો ગાંજા સાથે શખ્સ ઝડપાયો



તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ ધ્રોલ**

એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ રાજકોટ ઝોન, જુનાગઢ વિંગ, સી.આઈ.ડી. ક્રાઇમ દ્વારા જામનગર જિલ્લાના ગાડુકા ગામની સીમ વિસ્તારમાં સફળ કાર્યવાહી કરી ૪.૩૩ કિલો ગેરકાયદેસર ગાંજા સાથે એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગર તાલુકાના ગાદુકા ગામે રહેતો જુવાનસિંહ દીપસિંહ જાડેજાની ખાનગી બાતમીના આધારે અટકાયત કરી તેની તલાસી લેતા તેના કબ્જામાંથી અંદાજે રૂ. ૨,૦૧,૬૫૦ કિંમતનો ૪.૩૩ કિલો ગાંજો મળી આવ્યો હતો. આથી પોલીસે ગાંજા ઉપરાંત એક મોબાઇલ ફોન, ડિજિટલ વજન કાંટો, પ્લાસ્ટિકનો ડબ્બો તથા પેકિંગ માટે ઉપયોગમાં લેવાતા ઝભલાં સહિત કુલ રૂ. ૨,૦૭,૪૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપી વિરુદ્ધ એન.ડી.પી.એસ. અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ કેસની વધુ તપાસ સિક્કા પોલીસ સ્ટેશન, જામનગરને સોંપવામાં આવી છે. સમગ્ર કાર્યવાહી એ.એન.ટી.એફ. રાજકોટ ઝોનના પોલીસ ઇન્સ્પેક્ટર આર. જી. બારોટ અને તેમની ટીમ દ્વારા હાથ ધરવામાં આવી હતી.


## જામનગરમાં સાયચા ગેંગના વધુ ૩ શખ્સો ૮ દિવસના રિમાન્ડ મંજૂર કરતી અદાલત

### અગાઉના ગુનામાં જેલમાં બંધ ૩ સાગ્રીતોનો ટ્રાન્સફર વોરંટના આધારે કબજો લેવાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં હત્યા, આપઘાતની દૂષપ્રેરણા, મારામારી સહિતના ૭૪ કેસમાં સંડોવાયેલી સાયચા ગેંગના ૧૧ શખ્સો સામે તા. ૨૧ મે ના રોજ ગુજસીટોક હેઠળ ગુનો નોંધાયા બાદ જે તે વખતે ૬ આરોપીને દબોચી લેવાયા હતા. પાછળથી એક શખ્સને ઝડપી લીધા બાદ ૭ શખ્સો હાલ જેલમાં બંધ છે. જ્યારે અગાઉના ગુનામાં જેલ હવાલે રહેલા એવા ૩ આરોપીઓનો ટ્રાન્સફર વોરંટથી કબ્જો લેવાયા બાદ ૮ દિવસના રિમાન્ડ હેઠળ છે. અગાઉ સિટી બી ડિવિઝન પોલીસ મથકના વિસ્તારમાં હત્યા પ્રકરણમાં સંડોવાયેલો આરોપી બસીર જુસબભાઇ સાયચા (ઉ.વ.૩૪ ધંધો-સર્વીસ સ્ટેશન રહે.બેડીના ઢાળીયા પાસે, ગરીબનગર પાણાખાણા) રાજકોટ મધ્યસ્થ જેલમાં સજા કાપતો હતો. જ્યારે સિંકદર નુરમામદભાઈ સાયચા (ઉ.વ.૩૫ ધંધો- ટ્રક ડ્રાઇવીંગ રહે.બેડીના ઢાળીયા પાસે, ગરીબનગર પાણાખાણ) મધ્યસ્થ જેલ લાજપોર, સુરત તથા આપઘાતની દૂષપ્રેરણા કેસમાં રજાક નુરમામદભાઈ સાયચા (ઉવ. ૪૦ ધંધો- મચ્છીમારી રહે.જામનગર,બેડી ઢાળીયે, ગરીબ નગર,પાણાખાણ ગેબનશાહ પીરની દરગાહ પાસે) રાજકોટ જેલમાં બંધ હતા. કોર્ટના આદેશ બાદ જામનગર પોલીસ દ્વારા ગુજસીટોક કેસમાં આરોપીઓનો ટ્રાન્સફર વોરંટના આધારે કબ્જો મેળવી રાજકોટની ખાસ કોર્ટમાં રજૂ કરાયા હતા. જામનગર પોલીસ દ્વારા જુદા જુદા ૧૧ મુદાની તપાસ માટે ૧૪ દિવસના રિમાન્ડ માંગવામાં આવતા કોર્ટે તા.૧૮ જૂન એટલે કે ૮ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.હજુ પણ એક આરોપી અમદાવાદની જેલમાં બંધ હોવાથી તેનો ટ્રાન્સફર વોરંટથી કબ્જો લેવામાં આવશે.

## ખંભાળીયામાં ઉંડા કુવામાં ખાબકેલા શ્વાન અને બોમ્બઇ સાપનું સફળ રેસ્કયુ ઓપરેશન




**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના ઠાકર શેરડી વાડી વિસ્તારમાં રહેતા એક ખેડૂતના ૭૦ ફૂટ ઊંડા કૂવામાં એક શ્વાન પડી ગયો હોવાની જાણ સ્થાનિકો દ્વારા એનિમલ કેર ચેરિટેબલ ટ્રસ્ટને કરવામાં આવી હતી. જાણ થતાં જ સંસ્થાની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી. આ સ્થળે પહોંચ્યા બાદ જાણવા મળ્યું કે કૂવો આશરે ૭૦ ફૂટ જેટલો ઊંડો હતો, જેના કારણે રેસ્ક્યુ કામગીરી પડકારજનક બની હતી. કૂવામાં શ્વાનની સાથે બોમ્બઈ પ્રજાતિનો એક સાપ પણ ફસાયેલો જોવા મળ્યો હતો. એક તરફ શ્વાન ડર અને થાકના કારણે નબળો પડી ગયો હતો, તો બીજી તરફ સાપ પણ બહાર નીકળવા માટે સતત પ્રયત્ન કરી રહ્યો હતો.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સંસ્થાના અનુભવી રેસ્ક્યુઅર અશ્વિન કરમુર દોરી અને જરૂરી સલામતી સાધનો સાથે કૂવામાં ઉતર્યા હતા. કૂવામાં ઓક્સિજનની ઓછી માત્રા, ઊંડાઈ અને જીવજંતુઓના જોખમ વચ્ચે તેમણે ભારે જહેમત ઉઠાવી હતી. લાંબા સમય સુધી ચાલેલી રેસ્ક્યુ કામગીરી દરમિયાન સૌપ્રથમ શ્વાનને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યો હતો. ત્યાર બાદ બોમ્બઈ પ્રજાતિના સાપને પણ સાવચેતીપૂર્વક પકડીને કૂવામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. આ બંને જીવોને બહાર કાઢ્યા બાદ તેમની સ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. સદનસીબે બંને જીવ સુરક્ષિત અને સ્વસ્થ હાલતમાં હોવાનું જાણવા મળ્યું હતું. ત્યાર બાદ શ્વાનને સલામત સ્થળે મુક્ત કરવામાં આવ્યો હતો જ્યારે સાપને તેના કુદરતી નિવાસસ્થાનમાં છોડવામાં આવ્યો હતો. આ સમગ્ર રેસ્ક્યુ કામગીરીમાં એનિમલ કેર ચેરિટેબલ ટ્રસ્ટના સુનિલ ઘાવડા, દેશુર ધમા અને અશ્વિન કરમૂરે મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમની તત્પરતા, બહાદુરી અને જીવદયા પ્રત્યેની લાગણીના કારણે બે નિર્દોષ જીવનો જીવ બચી શક્યો હતો. એનિમલ કેર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સતત વન્યજીવો, પક્ષીઓ અને અન્ય મૂંગા પશુઓના બચાવ માટે કરવામાં આવતી કામગીરીને સ્થાનિક લોકો દ્વારા પણ ખૂબ પ્રશંસા મળી રહી છે. ઠાકર શેરડી વાડી વિસ્તારમાં થયેલા આ સફળ રેસ્ક્યુને લઈને ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. અને સંસ્થાની ટીમના પ્રયાસોને બિરદાવવામાં આવ્યા હતા.

## ધ્રોલની ગણેશ વિદ્યાસંકુલમાં નર્સિંગની વિદ્યાર્થિનીનો ગળેફાંસો ખાઇ આપઘાત



**સમય સંદેશઃ ધ્રોલ**

ધાનપુર તાલુકાના કાકડખીલા ગામની વતની અને હોસ્ટેલમાં રહી અભ્યાસ કરી વિદ્યાર્થીની એ અંતિમ પગલું ભરી લેતા આ અંગે પરિવારજનોને જાણ કરાઈ હતી અને પોલીસ સ્ટાફ સ્થળે દોડી ગયો હતો. હાલ પોલીસે મોતનું કારણ જાણવા સહિતની દિશામાં તપાસ હાથ ધરી છે. ધ્રોલના ખારવા રોડ પર આવેલી ગણેશ વિદ્યાસંકુલમાં નર્સિંગના બીજા વર્ષની વિદ્યાર્થીની પ્રજ્ઞા બાબુભાઈ પરમાર (ઉવ૧૯ રહે કાકડખીલા, ધાનપુર) એ હોસ્ટેલના રૂમમાં ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાની ઘટના સામે આવી છે.

બનાવને પગલે વિદ્યાર્થી આલમમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. વિદ્યાર્થીની ગુરુવારે બપોરના સમયે ભોજન લીધા બાદ પોતાના રૂમમાં ગઈ હતી. દરમિયાન તેણે ચુંદડી વડે પંખા સાથે લટકી આત્મઘાતી પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ઘટનાની જાણ થતાં ધ્રોલ પોલીસ મથકના પીઆઈ એચ.વી. રાઠોડ સહિતનો સ્ટાફ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે મૃતદેહનો કબ્જો લઈ પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં ખસેડ્યો હતો તેમજ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક માહિતી મુજબ, વેકેશન પૂર્ણ થયા બાદ પ્રજ્ઞા ૧૦ જૂનની સાંજે જ અભ્યાસ માટે સંસ્થામાં પરત ફરી હતી. જોકે, સંસ્થામાં હાજર થયાના ગણતરીના કલાકોમાં જ તેણે આ પગલું ભર્યું હોવાને કારણે અનેક સવાલો ઊભા થયા છે. વિદ્યાર્થીનીએ ક્યા કારણોસર આત્મઘાતી પગલું ભર્યું તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.

## વાડીમાં ઘેટા-બકરા ચરાવવાની ના પાડતા વૃદ્ધ ખેડૂત પર હુમલો, બે ભરવાડ સામે ગુનો નોંધાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તાલુકાના ભરતપુર ગામે વાડીમાં ૮૩ વર્ષીય વૃદ્ધ ખેડૂત પર હુમલાની ઘટના સામે આવી છે. ઘેટા-બકરા ચરાવવા બાબતે થયેલા વિવાદમાં ૮૩ વર્ષીય વૃદ્ધ ખેડૂતને માર મારી ઇજા પહોંચાડવાના બનાવ અંગે પોલીસે બે શખ્સો સામે ગુનો નોંધાતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પંચકોષી એ ડિવિઝન પોલીસ ચોપડે નોંધાયેલી ફરિયાદ મુજબ, જામનગર તાલુકાના ભરતપુર ગામેં રામાપીર મંદિર વાળી શેરીના રહેવાસી અને રવજીભાઈ કલાભાઈ સદાદીયા પોતાની વાડીમાં હાજર હતા ત્યારે બજરંગપુર ગામના પેથાભાઈ ભરવાડ અને થોભણ ભરવાડ ઘેટા-બકરા ચરાવવા માટે ત્યાં આવ્યા હતા. રવજીભાઈએ તેમને વાડીમાં પશુઓ ચરાવવાની ના પાડતા બંને આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા.

આરોપીઓએ વૃદ્ધને ગાળો આપી ઢીકા-પાટુનો માર માર્યો હતો. દરમિયાન પેથાભાઈએ પેટમાં લાત મારતા રવજીભાઈ નીચે પડી ગયા હતા. આ દરમિયાન તેમના પૌત્રો સંજયભાઈ અને વિશાલભાઈ ત્યાં પહોંચી જતા દાદાને છોડાવ્યા હતા. બાદમાં આરોપીઓએ પૌત્રોને પણ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે ફરિયાદના આધારે પોલીસે બંને આરોપીઓ સામે બી.એન.એસ.ની કલમ ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૨) અને ૫૪ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## દેવળીયા ગોચર પ્રમુખ મેરાભાઈ માડમનું નિધનઃ હાર્ટ એટેકથી અવસાન, વિસ્તારમાં શોકની લાગણી



**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકાના દેવળીયા ગોચરના પ્રમુખ મેરાભાઈ ચનાભાઈ માડમનું હાર્ટ એટેકથી નિધન થયું છે. તેમના અવસાનથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. મેરાભાઈ સામાજિક અને લોકહિતના કાર્યો માટે જાણીતા હતા. તેમણે પોતાના સેવાભાવી કાર્યો દ્વારા લોકોમાં આગવું સ્થાન બનાવ્યું હતું.તેમના નિધનથી દેવળીયા ગોચરે એક અગ્રણી નેતા ગુમાવ્યા છે. વિવિધ અગ્રણીઓ અને ગ્રામજનોએ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## ગૌરમાંની મૂર્તિની વિસર્જન માટે રણમલ તળાવ ગેઈટ-૧ પાસે કાઉન્ટર મુકાયું

**સમય સંદેશઃ જામનગર**

છોટીકાશી જામનગરમાં પુરુષોત્તમ માસની પુર્ણાહુતિ વેળાએ સમગ્ર માસ દરમિયાન સ્થાપિત ગોર માંની મુર્તિનું વિસર્જન તળાવમાં ન કરવાનો અનુરોધ કરીને પર્યાવરણ સંસ્થા અને વન વિભાગે રણમલ તળાવના ગેઈટ-૧ના પાર્કિંગમાં મુર્તિ સ્વીકારવા કાઉન્ટર મુકાશે. જ્યાં મુર્તિ સોંપનારા મંડળોના બહેનોને વન વિભાગ દ્વારા નિ:શુલ્ક ધોરણે તુલસીજીના રોપા ભેટ અપાશે. તળાવમાં સામગ્રીના પ્રદુષણને નિવારવા આ આયોજન કરાયું છે.

જામનગરમાં સત્યનારાયણ મંદિર, પુરુષોત્તમજી મંદિર, માધવરાયજી મંદિર, ચૌહાણ ફળી પુરુષોત્તમજી મંદિર તેમજ શહેરના મોટાભાગના લત્તાઓમાં આવેલા મંદિરોમાં પુરુષોત્તમ માસ નિમિત્તે બહેનોના સતસંગ મંડળો દ્વારા સામુહિક પુજન માટે ગોર માં નું સ્થાપન કરવામાં આવ્યું છે. જેનું તા.૧૫મીના રોજ ઉથ્થાપન અને બાદમાં વિસર્જન કરવામાં આવશે. તેથી નવાનગર નેચર ક્લબ દ્વારા પુરુષોત્તમ માસની પુર્ણાહુતિ અધિક જેઠ વદ અમાસ એટલે કે, તારીખ ૧૫મીએ સાંજે ૪ થી રાત્રે ૯ વાગ્યા સુધી શહેરના મોટાભાગના સતસંગ મંડળો દ્વારા થનારા ગોર માં ના વિસર્જન માટે આવનારી મુર્તિઓને સ્વીકારીને તેનું ધાર્મિકતા પુર્વક વિધિવત સામુહિક વિસર્જન કરવા વ્યવસ્થા ગોઠવાઈ છે. સંસ્થાના વિજેન્દ્રસિંહ જાડેજા જણાવે છે કે, વિસર્જન માટે આવનારા બહેનોના મંડળોને વન વિભાગના સહયોગથી ભગવાનને પ્રિય એવા તુલસીજીના રોપા પણ ભેટ આપવામાં આવશે.

## જામનગરમાં અનોખી પરંપરાઃ સારા વરસાદની પ્રાર્થના સાથે મૂંગા પશુઓ માટે ૧૫૦૦ કિલો પૌષ્ટિક લાડુ તૈયાર કરાયા








તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં સેવા, સંસ્કાર અને સમૃદ્ધિના ત્રિવેણી સંગમ સમાન એક પ્રશંસનીય અને અનોખી પહેલ સામે આવી છે. ચાલુ વર્ષે સારા વરસાદ, સમૃદ્ધ પાક અને સર્વત્ર લોકકલ્યાણ થાય તેવા શુદ્ધ ભાવ અને પ્રાર્થના સાથે કૃષ્ણનગર યુવા ગ્રુપ અને મહિલા સત્સંગ મંડળ દ્વારા મૂંગા પશુઓ માટે ૧૫૦૦ કિલો પૌષ્ટિક લાડુ તૈયાર કરવામાં આવ્યા છે. છેલ્લા ૨૨ વર્ષથી અવિરત ચાલતી આ અનોખી સેવા પરંપરા આ વર્ષે સફળતાપૂર્વક ૨૩મા વર્ષમાં પ્રવેશી છે. આ ભગીરથ કાર્યમાં ૨૫૦થી વધુ ઉત્સાહી સ્વયંસેવકો અને મહિલાઓએ ભેગા મળીને પોતાનો સહયોગ આપ્યો છે. આ પૌષ્ટિક લાડુ બનાવવા માટે ૯૦૦ કિલો ઘઉંનો લોટ, ૩૦૦ કિલો તેલ અને ૩૦૦ કિલો શુદ્ધ ગોળ સહિત કુલ ૧૫૦૦ કિલો ગુણવત્તાયુક્ત સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

અનુ પાના નં.૨ પર

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com